GJVD020574162024

# મે. વડોદરાના ૧૧માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, વડોદરા.

**ફરીયાદી :–** **ધિ સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–** **કિશોરભાઇ પરસોત્તમભાઇ ચાવડા,**

## આંકઃ– ૦૧ લગત હુકમ

(૧) આ કામે આરોપી સામે ત.ક.અમલદારે **જુગાર ધારાની કલમ– ૧૨(અ)** મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ કરતાં તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ **આંક– ૦૬** થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવી આરોપ ધ્વારા **આંક– ૦૫** થી ગુના કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને **આંક–૦૭** થી નો કલેઇમ પુરષીસ મુદ્ધામાલ બાબતે આપેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે, અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે ત્યારે હાલમાં ધંધા રોજગારની સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાને રાખી હુકમ કરવા વિનવે છે. આરોપીનુ નિવેદન લેતાં તેની કબુલાત સ્વેચ્છીક હોવાનુ જણાય છે, કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, છતાં પોતે સ્વેચ્છીક કબુલાત કરતો હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે ***નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટનો ચુકાદો*** ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનત્તમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઇ આરોપીની કબુલાતને ધ્યાને લેતાં આરોપીને સી.આર.પી.સી.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## આખરી હુકમ

આરોપી **કિશોરભાઇ પરસોત્તમભાઇ ચાવડા** નાઓને મજકુર ગુના સબબ સી.આર.પી.સી. કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી **જુગાર ધારાની કલમ–૧૨(અ)** ના ગુના માટે આરોપીને **રૂ.૫૦૦/–** અંકે

રૂપિયા **પાંચસો** પુરાનો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કરે તો **દિન–૦૩** ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

આ કેસમાં રહેલ મુદ્દામાલ બાબતે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવાનો તથા જમા રહેલ વેલ્યુએબલ મુદ્દામાલનો નિયમ મુજબ સરકારમાં ખાલસા કરવા તથા નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો નિયમ મુજબ અપીલ સમય બાદ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. **જો મુદ્દામાલ અંગે કોઈ હુકમ ન થયેલ હોય તો તે મુદ્દામાલની માલિકી અંગે ખરાઈ કરી ત.ક.અમલદારે મુળ માલિકને પરત કરવો.**

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં તારીખ–

૧૪ મી માહે–સપ્ટેમ્બર, સને– ૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

**તારીખ:– ૧૪/૦૯/૨૦૨૪.**
**વડોદરા.**

**(રાજેશકુમાર રમણલાલ મિસ્ત્રી)**
**૧૧માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,વડોદરા.**
**(સ્પેશીયલ સીટીંગ જજ ), જજ કોડ જીજે૦૧૧૬૯**